## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ મને તો બીક લાગે છે કે તમારું મંદિર નથી બન્યું ત્યાં સુધી જ લોકો તમને યાદ કરશે...

# રાહુલ ગાંધી, નરેન્દ્ર મોદી અને પ્રિયંકા ગુજરાત આવશે-મોદી શું જાદુ કરશે?

ગાંધીનગર-

લોકસભાની ચૂંટર્ણીના પ્રચાર માટે કેન્દ્રીય નેતાઓ ગુજરાત આવી રહ્યાં છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭ અને ૧૮મી




એપ્રિલે ગુજરાત આવે છે. તેઓ અમરેલી, સુરેન્દ્રનગર સહિત અન્ય લોકસભા ક્ષેત્રોમાં જાહેરસભાને સંબોધન કરશે. મોદીની મહત્વની મુલાકાત ૨૦ અથવા ૨૧ એપ્રિલે હશે. ગુજરાતની જનતામાં ઉત્સુકતા છે કે મોદી આ વખતે શું જાદુ કરશે.

ભાજપના નેતાઓની જેમ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ૧૫મી એપ્રિલે અમરેલી, ભાવનગર અને જૂનાગઢમાં જનસભાને સંબોધન કરશે. તેઓ ફરી ૧૮મી એપ્રિલે ગુજરાત આવે છે. રાહુલ ગાંધી સૌરાષ્ટ્રના કેશોદ અથવા પોરબંદરમાં જનસભા સંબોધશે. રાહુલ ગાંધી ૨૦મી એપ્રિલે પણ ગુજરાતમાં આવીને બારડોલી, દાહોદ અને પાટણમાં જાહેરસભા સંબોધશે.

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ એપ્રિલમાં ગુજરાત આવી રહ્યાં છે. તેમનો ચૂંટણી પ્રવાસ કાર્યક્રમ હજી નક્કી થયો નથી પરંતુ તેમના એજન્ડામાં સોમનાથ અને અંબાજી મંદિર હોવાતી પ્રિયંકા ગાંધી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જનસભાઓ સંબોધશે તેવી સંભાવના છે. પ્રિયંકા ગાંધીનો રોડ શો પણ યોજવામાં આવે તેવી શક્યતા છે.



નરેન્દ્ર મોદી ૧૭ અને ૧૮ એપ્રિલ પછી ગુજરાતની ૨૬ બેઠકોનું ૨૩મી એપ્રિલે મતદાન થવાનું છે તે પહેલાં ૨૦ અથવા તો ૨૧મી એપ્રિલે ફરી ગુજરાતના ચૂંટણી પ્રચાર માટે આવે તેવી સંભાવના છે. રાજ્યમાં દર વખતની ચૂંટણીમાં જોવામાં આવ્યું છે તેવું આ વખતે પણ જોવા મળશે.

મોદી હંમેશા ચૂંટણી તારીખ પહેલાંના ૪૮ કલાકમાં ચૂંટણી માહોલ ફેરવી દેતા હોય છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પરથી સી-પ્લેન ઉડાવીને અંબાજી ગયા હતા તેવો યુનિક આઈડિયા આ વખતે પણ કરે તેમ મનાય છે.

# આજે ગાંધીનગર જિલ્લાના પોલીસ કર્મચારીઓ મતદાન કરશે

ગાંધીનગર જિલ્લાના પોલીસ અધિકારી-કર્મચારીઓ માટે ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિસ્તારની બેઠકો માટે પહેલા તા. ૧૬ એપ્રિલને ૨૦૧૯ ના રોજ બેલેટ પેપરથી મતદાન કરાવવામાં આવનાર હતું. પરંતુ તેના સ્થાને હવે તા. ૧૫ એપ્રિલને સોમવારના રોજ સવારે ૮ થી ૫.૩૦ કલાક સુધી પોલીસ હેડ કવાર્ટર ખાતે બેરેક નં એ.-૧, અને એ,-૨ માં રાખવામાં આવેલ છે. જેની તમામ પોલીસ કર્મચારીઓએ નોંધ લેવાની રહેશે.

# સે-૨ ખાતેથી બાઈક ચોરાયું

ગાંધીનગર શહેરના સેકટરોમાંથી ઘર આગળ પાર્ક કરેલુ મોટર સાયકલ ચોર ઈસમો ગણતરીની મીનીટમાં લઈ જાય છે. વાહનચોરી માટે ગાંધીનગર સોફ્ટ ટાર્ગેટ બનતું જાય છે.શહેરમાં આંતરે દિવસે વાહનચોરીની ઘટના બનવા પામે છે. પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે ચોર ઈસમો વાહનચોરીને અંજામ આપી પલાયન થઈ જાય છે. ત્યારે શહેરના સેકટર-૨ સી ખાતેથી હોન્ડાના બાઈકની ઉઠાંતરી થવા પામી છે.સેકટર-૨ સી પ્લોટ નં. ૭૭૬-૨ ખાતે રહેતો મુળ સુરેન્દ્રનગરનો યુવક કુલદિપ હેમુભાઈ પઢીરીયા ઉં.-૨૪ મિત્રો સાથે રહીને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરી રહ્યો છે. તેણે ગત્ તા.૧૧ એપ્રિલના રોજ રાત્રે ૮ વાગ્યાના અરસામાં ઘર આગળ પોતાનુ હોન્ડા કરીઝમા જી.જે.૧૩.ડી.ડી.-૦૭૭૭ પાર્ક કરીને સુઈ ગયો હતો. બીજા દિવસે સવારે ઉઠીને બાઈક જોયું તો ગાયબ હતું. બે દિવસ શોધખોળ આદર્યા બાદ તેણે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લા બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ અને હિન્દુ યુવા વાહીની દ્વારા રવિવારના રોજ રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રામનવમીની ભવ્ય રેલી શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી, ઠેરઠેર ભકતો દ્વારા રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જય શ્રી રામ જય શ્રી રામના નારાથી સમગ્ર શહેરનું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

# ઠાકોરના યુવાનો પાસેથી લીધેલા રૂપિયા અલ્પેશે પાછા આપ્યા નથી

### પોતાના સ્વાર્થ માટે સમાજના નામનો ખરાબ રીતે દુરપયોગ કર્યો છે

ગાંધીનગર

કોંગ્રેસ છોડીને ગયા પછી અલ્પેશ ઠાકોરની હાલત એટલી હદે ખરાબ થઈ છે કે તેને રાજકારણમાં આવ્યાનો અફસોસ થઈ રહ્યો છે. પોતાના સમાજના આગેવાનો કહે છે કે ગુજરાતમાં દારૂના દરોડા પાડવા ઠાકોર સમાજના યુવાનો પાસેથી લીધેલા રૂપિયા અલ્પેશ ઠાકોરે પાછા આપ્યા નથી. તેઓએ આક્ષેપ કર્યો હતો કે અલ્પેશ ઠાકોર ભાજપનું પ્યાદુ બની રહ્યો છે કે જેની સામે છેલ્લા ત્રણ વર્ષથી આંદોલન કરતો હતો.



અલ્પેશ ઠાકોર કહે છે કે કોંગ્રેસમાં રૂપિયા લઈને ટિકિટો વહેંચવામાં આવે છે પરંતુ અલ્પેશ ઠાકોરે કોઈના કહેવાથી કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસે અલ્પેશને ખૂબ હોદાઓ આપ્યાં છે. તેને રાષ્ટ્રીય કક્ષાનો નેતા બનાવ્યો છે છતાં કોંગ્રેસ સાથે તેણે ગદ્દારી કરી છે. અલ્પેશ અને તેના બે સાથીઓ કે જેમણે કોંગ્રેસ છોડી છે તેઓ ભાજપની બી-ટીમના મોહરાં છે.

ચાણસ્મા અને પાટણમાં ઠાકોર સમાજના આગેવાનો અને નાગરિકો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે અલ્પેશ ઠાકોરે સમાજના નામે પોતાની રાજકીય ઉંચાઈ કરી લીધી છે. ક્યારેય રાજકારણમાં નહીં જવાનું વચન આપનાર અલ્પેશ ઠાકોર પાછલા બારણેથી કોંગ્રેસનો ધારાસભ્ય પણ બની ગયો હતો, પરંતુ હવે જરૂરિયાતના સમયે જ અલ્પેશ ઠાકોરે કોંગ્રેસને દગો આપ્યો છે.

અલ્પેશ ઠાકોરે તેના સમાજમાં દારૂની બદીને દૂર કરવાની વાતો કરી હતી તેમજ યુવાનોને રોજગારી આપવાનું વચન આપ્યું હતું. રોજગારી આપવા માટે યુવાનોના કાર્ડ બનાવી સો-સો રૂપિયા ઉઘરાવ્યા હતા. તેણે સમાજના યુવાનો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવી લીધા છે પરંતુ તેનો હિસાબ આપ્યો નથી. સમાજને ગેરમાર્ગે દોરી સમાજના ભાગલા પાડ્યા છે. પોતાના સ્વાર્થ માટે સમાજના નામનો ખરાબ રીતે દુરપયોગ કર્યો છે.

સમાજના યુવાનો અને મહિલાઓ પાસેથી ઉઘરાવેલા રૂપિયા અલ્પેશ ઠાકોરે પાછા આપ્યા નથી. રાજકારણમાં નહીં જવાના સોગંદ લીધા હતા પરંતુ તે કોઈનું હથિયાર બની દગાખોરી કરી રહ્યો છે. ઠાકોર એકતા સમિતિના હોદેદારો આક્ષેપ કરે છે કે સમાજના ભાગલા પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા અલ્પેશ ઠાકોરની કોઈ વાત અમે માનવાના નથી. અમે કોંગ્રેસને સમર્થન આપીએ છીએ. હવે પછી અલ્પેશ ઠાકોરના કોઈ પણ કાર્યક્રમમાં ભાગ લેવા અમે જવાના નથી.

# હાર્દિક, રાહુલ-પ્રિયંકા બાદ સૌથી મોટો સ્ટાર પ્રચારક

### ફોર્ચ્યુનરથી હેલિકોપ્ટરમાં હાર્દિક પટેલ ફરતો થયો : ૭ દિવસમાં ૫૦થી વધુ સભા સંબોધશે : કોંગ્રેસ દ્વારા તૈયારી

અમદાવાદ,તા. ૧૪

પાટીદાર અનામત આંદોલનનો પ્રણેતા અને હવે કોંગ્રેસનો યુવા નેતા હાર્દિક પટેલ ગુજરાત કોંગ્રેસનો લોકસભા ચૂંટણી માટે સૌથી મોટો સ્ટાર પ્રચારક બની ગયો છે. તે રાહુલ ગાંધી અને પ્રિયંકા બાદ ત્રીજા નંબરનો સૌથી મોટો સ્ટાર પ્રચારક છે. કોંગ્રેસે હાર્દિકને ચૂંટણી પ્રચાર કરવા માટે હેલિકોપ્ટર ફાળવ્યું છે. ગુજરાતભરમાં આગામી સાત દિવસમાં અધધ કહી શકાય એમ ૫૦થી વધુ ચૂંટણી સભા સંબોધશે. ભલે કાયદાકીય આંટીઘૂંટીના કારણે હાર્દિક પટેલને લોકસભાની ચૂંટણીમાં લડવાની તક ના મળી પરંતુ તે એક જ મહિનામાં સ્ટાર પ્રચારક ચોક્કસ બની ગયો. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કોંગ્રેસની કાર્યકારિણી બેઠક દરમિયાન અમદાવાદ ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીની હાજરીમાં તા. ૧૨ માર્ચે કોંગ્રેસમાં જોડાયો હતો. એક જ મહિનામાં કોંગ્રેસે તેને સ્ટાર પ્રચારકોની યાદીમાં સમાવી લીધો હતો. તે ગુજરાત ઉપરાંત ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કોંગ્રેસના ઉમેદવાર માટે ચૂંટણી સભા કરશે. એટલે કે, બહારના રાજયોમાં પણ કોંગ્રેસ માટે પ્રચાર કરવામાં પક્ષ દ્વારા હાર્દિક પર વિશ્વાસ વ્યકત કરાયો છે, જે મહત્વની વાત હાર્દિકના દ્રષ્ટિકોણથી કહી શકાય. હાર્દિકને પહેલું હેલિકોપ્ટર અને રૂટ રાઈડિંગ અમદાવાદથી રાજકોટનો હતો. કોંગ્રેસે ૭ દિવસમાં જ ૫૦થી વધુ સભા કરવા માટે હાર્દિકને હેલિકોપ્ટર ફાળવી દીધું છે. સૌથી પહેલા તેણે અમદાવાદથી રાજકોટની ઉડાન



ભરી હતી. તેણે જણાવ્યું હતું કે, હું અમદાવાદથી રાજકોટ હેલિકોપ્ટરમાં પહોંચ્યો હતો. મારી જામનગર લોકસભા વિસ્તારમાં ચાર જાહેર સભા છે. જામનગર લોકસભા માટે ૪ સભા કરવા હાર્દિક પટેલ હેલિકોપ્ટરમાં રાજકોટ પહોંચ્યો હતો. ફોર્ચ્યુનરમાંથી સીધો હેલિકોપ્ટરમાં આવતા જ લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. રાજકોટ એરપોર્ટ પરથી તે કાલાવડ સભા માટે બાય રોડ કારમાં ગયો હતો. કાલાવડમાં ભાજપ વિરૂદ્ધ તેણે પ્રહાર કર્યા હતા. હાર્દિકે જણાવ્યું હતું કે, કોંગ્રેસે આપેલી ઈજ્જત અને તાકાત અલ્પેશ ઠાકોર સંભાળી ન શક્યા.

# PMOમાં PK મિશ્રા અને નૃપેન્દ્ર મિશ્રા નહીં હોય, બે નવા ગુજરાતી ઓફિસરો આવશે

લોકસભાની ચૂંટણી પછી કેન્દ્રમાં મોદી સરકાર આવશે તો પ્રાઈમ મિનિસ્ટર ઓફિસમાં કેટલાક મહત્વના ફેરફારો તોળાઈ રહ્યાં છે. હાલ વડાપ્રધાનના પ્રિન્સિપલ સેક્રેટરી નૃપેન્દ્ર મિશ્રા અને એડિશનલ પ્રિન્સિપલ સેક્રેટરી ડો. પીકે મિશ્રા તેમની જગ્યાએ હશે તે માનવું ભૂલભરેલું છે. આ બન્ને મિશ્રાની ફરીથી નિયુક્તિ થવાની સંભાવના નહીંવત છે. એ ઉપરાંત પ્રાઈમ મિનિસ્ટરના સેક્રેટરી ભાસ્કર ખુલબે, એડિશનલ સેક્રેટરી તરૂણ બજાજ, જોઈન્ટ સેક્રેટરી દેબશ્રી મુકરજી, પ્રાઈવેટ સેક્રેટરી રાજીવ ટોપનો અને ઓએસડી સરત ચંદરને પણ નવા પોસ્ટીંગ મળી શકે છે. મોદી તેમના કાર્યાલયમાં મોટા ફેરફારો કરી શકે છે. હાલ પીએમઓમાં ૪૨ ઓફિસરો મહત્વના પદ પર છે. જગદીશ ઠક્કરના અવસાન પછી પીએમઓમાં પીઆરઓની જગ્યા ખાલી પડી છે પરંતુ નવી સરકારની રચના થયા પછી નવા પીઆરઓ આવે તેવી સંભાવના છે. હાલ પીએમઓમાં ગુજરાતના છ ઓફિસરો છે જે પૈકી બે ઓફિસરો-- કોમ્યુનિકેશન એન્ડ આઈટીના ઓએસડી ડો. હિરેન જોષી અને એડીશનલ સેક્રેટરી અરવિંદ કુમાર શર્મા યથાવત રહે તેમ છે. કેન્દ્રની એનડીએ સરકારમાં ત્રણ ઓફિસરો નવા લેવાના થશે.

## ચીફ સેક્રેટરી જે. એન. સિંઘને એક્સટેન્શન મળશે અને કે. કૈલાસનાથન દિલ્હી જશે

**મોદી સરકાર બની તો કૈલાસનાથન દિલ્હી જશે...**

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી ફરીથી વડાપ્રધાન બને અને એનડીએ-૨ની રચના થાય તો ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથન પીએમઓમાં જઈ શકે છે. તેમનો ગુજરાતમાં ટેન્યોર હજી બાકી છે પરંતુ મોદી તેમને દિલ્હી લઈ જાય તેવી સંભાવના છે. બીજી તરફ રાજ્યના ચીફ સેક્રેટરી ડો. જગદીપ નારાયણ સિંઘની વયનિવૃત્તિ ૩૧મી મે ના રોજ છે એટલે કે ચૂંટણીના પરિણામ પછી તેઓ નિવૃત્ત થશે. સામાન્ય રીતે ચીફ સેક્રેટરીને છ મહિના સુધી એક્સટેન્શન આપી શકાતું હોય છે તેથી ગુજરાત સરકારની ભલામણ પ્રમાણે સિંઘ ને ત્રણ કે છ મહિનાનું એક્સટેન્શન મળી શકે છે. જો તેમ થશે તો તેમના પછી ચીફ સેક્ટેરી બની શકે છે તેવા બે સિનિયર આઈએએસ ઓફિસરો આ સુપ્રીમ પદ ભોગવ્યા વિના જ વયનિવૃત્ત થશે. હાલ તો નાણા વિભાગના એસીએસ અરવિંદ અગ્રવાલ સિનિયોરિટીમાં ટોચક્રમે છે પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી કોઈ કમાલ કરે તો નવાઈ પામવા જેવું નથી. લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા પછી મે મહિનાના અંતમાં અથવા તો જૂનના પ્રારંભે રાજ્યના વહીવટી તંત્રના બે ડઝનથી વધારે સિનિયર ઓફિસરોની ફેરબદલ થાય તેવી સંભાવના છે.

**કોંગ્રેસને હરાવવી હોય તો મોદીની જરૂર નથી...**

'કોંગ્રેસને હરાવવા માટે ભાજપ કે મોદીની જરૂર નથી, કારણ કે કોંગ્રેસમાં જ એકબીજાના એટલા બધા વિરોધીઓ છે કે મોદીનું કામ આસાન કરી નાંખે છે.' આ વાક્ય હવે ચવાઈ ગયું છે, કેમ કે ૧૯૯૫ પછી ગુજરાતમાં આવેલી તમામ ચૂંટણીના પરિણામો પછીની સમીક્ષામાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને આ શબ્દો જ સાંભળવા મળ્યા છે. અમારા વિસ્તારમાં આ એક ઉમેદવાર છે જે ચૂંટણી જીતી શકે છે તેથી આ વખતે ટીકીટ તો તેને જ આપજો...એવી ઉદારતા કોંગ્રેસના એકપણ સિનિયર નેતામાં રહી નથી. બીજાના ટાંટીયા ખેંચીને ઉપર આવનારા નેતાઓની અછત નથી.




બીજી પાર્ટીમાંથી કોંગ્રેસમાં આવેલા એક પૂર્વ ધારાસભ્યએ કહ્યું હતું કે અમારા વિધાનસભા મત વિસ્તારમાં મને એક નેતાએ કહ્યું હતું કે "આપણા વિસ્તારમાં સિનિયર મોસ્ટ એક નેતા છે જેઓ ચૂંટણી ક્યારેય જીત્યા નથી, પણ તમારે તેમને સરન્ડર થઈને ચૂંટણી લડવી પડશે, કારણ કે આ નેતાની દિલ્હીમાં વગ છે."... જો કે આ પૂર્વ ધારાસભ્ય પેલા નેતાને વશ ન થયા, પરિણામ એ આવ્યું કે લાખોનો ખર્ચ કરવા છતાં છેલ્લી બે ચૂંટણીમાં તેઓ વિજયી બની શક્યા નહીં... કારણ સાફ છે ; કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારને હરાવવા માટે પેલા નેતાએ ભાજપના ઉમેદવાર પાસેથી રૂપિયા ઉઘરાવી લીધા હતા! રૂપિયા લઈને પાર્ટીના ઉમેદવારોની વિરૂદ્ધમાં કામ કરવું એવી કોંગ્રેસના નેતાઓને આદત પડી ગઈ છે.

**મિનરલ બોટલો શરૂ કરી ત્યારથી ટેક્સ આવ્યા...**

## કોઇ સાંસદ રેકોર્ડ બનાવે તે હાલના નેતાઓને ગમતું નથી, 'કીક-આઉટ' થાય છે

આપણા વડીલો કહેતા હતા કે પાણી પીવા માટે રૂપિયા આપવાના હોય... લોકો પાણી માટે પરબ બનાવે છે. જો કે હવે હકીકત અલગ થઈ છે. કુદરતી રીતે મફત મળતા અઢળક પાણીનો સરકારે વેપાર શરૂ કર્યો છે. નર્મદાનું જળ આપણને મફતમાં પીવા મળતું નથી. સરકાર તેના રૂપિયા વસૂલ કરે છે. સામાન્ય જનતા જ નહીં, ઉદ્યોગો અને ખેડૂતો પણ પાણીના દામ ચૂકવે છે. સરકાર હવે આપણને પાણી મફતમાં આપવા માગતી નથી, કારણ કે સરકાર વેપારી બની ચૂકી છે. ચાણક્યએ કહ્યું છે કે 'જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી'.. આપણે મતદારો ભિખારી બની ગયા છીએ, કારણ કે સરકાર દામ ચૂકવીએ છીએ. આ વાત એટલા માટે યાદ આવી કે સરકારે નર્મદા પાણીના દરો વધાર્યા છે. આ ભાવ સ્થિર રહેવાની કોઈ ગેરંટી નથી. મજાની વાત એવી છે કે આપણે બિસલરીની બોટલમાં ૨૦ રૂપિયાનું એક લીટર પાણી જ્યારથી પીવાનું શરૂ કર્યું ત્યારથી સરકારે પાણીના ભાવ નક્કી કરી દીધા છે. ગાંધીનગરમાં નર્મદાનું પાણી આવે છે છતાં સચિવાલયમાં મિનરલ કલ્ચર છે. સરકાર એ બતાવવા માગે છે કે અમે પણ પાણીના દામ ચૂકવીએ છીએ, તો જનતાએ આપવા પડે. કુદરતી પાણીના રૂપિયા પેદા કરો અને સરકારી તિજોરી ભરો...



**સરકારને દેવું કરવું ગમે છે, ૩ લાખ કરોડને પાર હશે...**

ગુજરાત સરકારનું જાહેર દેવું આગામી બે વર્ષના અંતે વધીને ત્રણ લાખ કરોડ થવાની સંભાવના છે. નાણા વિભાગના જણાવ્યા પ્રમાણે માર્ચ ૨૦૧૮ના અંતે જાહેર દેવું વધીને ૨.૧૭ લાખ કરોડ થયું છે. જાહેર દેવું એ કોઈપણ સરકાર માટે ચિંતાનો વિષય છે. દેવાના ઘટકો બદલાતાં સરકારને હવે કેન્દ્રની લોન ઓછી મળે છે અને બજાર લોન વધારે લેવી પડે છે. ગુજરાત સરકારના બજેટ ડોક્યુમેન્ટમાં દર્શાવ્યા પ્રમાણે માર્ચ ૨૦૧૯ના અંતે દેવું વધીને ૨.૩૮ લાખ કરોડ અને માર્ચ ૨૦૨૦ સુધીમાં તે ૨.૬૬ કરોડ થવાનો અંદાજ છે. એ જ પ્રમાણે માર્ચ ૨૦૨૧માં જાહેર દેવાનો આંકડો ૨.૯૬ કરોડ સુધી પહોંચી શકે છે. ગુજરાત સરકારનું જાહેર દેવું ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ વધીને ૨૧૭૩૩૭ કરોડ રૂપિયા થયું છે જે એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૧૬.૪૬ ટકા જેટલું થાય છે. સરકારના જાહેર દેવામાં બજારલોન, પાવર બોન્ડ્સ, કેન્દ્ર સરકારની લોન અને પેશગી, નાણાકીય સંસ્થાઓ તેમજ બેન્કો પાસેથી લીધેલી લોન તેમજ એનએસએસએફ લોનનો સમાવેશ થાય છે. નાણા વિભાગના સૂત્રો જણાવે છે કે ૨૦૦૯ થી ૨૦૧૭ના વર્ષો દરમ્યાન દેવાના ઘટકોમાં ફેરફારો થયા છે જેમાં કેન્દ્ર સરકારની લોનનું પ્રમાણ ૧૧.૮૭ ટકાથી ઘટીને ૩.૨૯ ટકા થયું છે. તે જ પ્રમાણે એનએસએસએફ લોનનો હિસ્સો ૫૧.૫૯ ટકાથી ઘટીને ૨૩.૨૬ ટકા થયો છે, જ્યારે બજાર લોનનો હિસ્સો ૩૨.૨૦ ટકાથી વધીને ૬૮.૨૮ ટકા થયો છે. જે બજાર લોન પર વધતી નિર્ભરતા પર પ્રકાશ પાડે છે. રાજ્યના દેવા પોર્ટફોલિયો પરથી જોવા મળે છે કે ૧૯૯૩૩૮ કરોડ રૂપિયાના કુલ જાહેર દેવામાં બજાર લોનનો મોટો હિસ્સો છે જે કુલ જાહેર દેવાંના ૬૮.૨૮ ટકા છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ દેવાનો સુધારેલો અંદાજ ૨૧૭૩૩૭ કરોડ રૂપિયા હતો.

**એમપી રેકોર્ડ બનાવે તે પાર્ટીને ગમતું નથી...**

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો ઈતિહાસ જોઈએ તો ત્રણ ઉમેદવારો એવાં છે કે જેમણે સાત-સાત ટર્મ સુધી લોકસભાનું પ્રતિનિધિત્વ કર્યું છે. આ ત્રણ પૈકી બે કોંગ્રેસ અને એક ભાજપના ઉમેદવાર છે. કોંગ્રેસના છીતુભાઈ ગામિત અને સોમજી ડામોર તેમજ ભાજપના હરિન પાઠકને આ ગૌરવ પ્રદાન કરી શકાય તેમ છે. નેતાઓએ સળંગ સાત લોકસભાની ચૂંટણીમાં વિજય હાંસલ કર્યા પછી સક્રિય રાજનીતિમાંથી આઉટ થઈ ચૂક્યાં છે. ભાજપના રતિલાલ વર્મા અને કાશીરામ રાણા એવા નેતાઓ છે કે જેમને મોકો મળ્યો નહીં નહીં તો તેઓ પણ આ યાદીમાં સામેલ થઈ શક્યા હોત. આ બન્ને પૂર્વ સંસદસભ્યો છ-છ ટર્મ સુધી સંસદસભ્ય તરીકે સળંગ કારકિર્દી ભોગવી ચૂક્યાં છે. ગુજરાતના પાંચ પૂર્વ સંસદસભ્યો એવાં છે કે જેઓએ પાંચ-પાંચ ટર્મ સળંગ પસાર કરી છે જેમાં ભાજપના રાજેન્દ્રસિંહ રાણા, ડો. એકે પટેલ અને ચન્દ્રેશ કોરડિયા, કોંગ્રેસના દિનશા પટેલ અને નારણ રાઠવાનો સમાવેશ થાય છે. આમ તો ભાજપના રાષ્ટ્રીય નેતા અને ગાંધીનગરના વીવીઆઈપી ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણી પણ છ ટર્મથી વિજેતા થઈ રહ્યાં હતા પરંતુ આ વખતે પાર્ટીએ અડવાણીને દૂર કરીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને ગાંધીનગરની લોકસભા બેઠક આપી છે, નહીં તો તેઓ નંબર સેવનની કલબમાં આવી શક્યા હોત...

## રાજકીય હનુમાન - વાજપેયી પાસે પ્રમોદ મહાજન હતા, મોદી પાસે અમિત શાહ

**રાજકારણમાં નેતાઓ પાસે હનુમાન હોય છે...**

ગુજરાતના રાજયસભાના સભ્ય અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની મહેતન લોકસભામાં રંગ લાવશે તો આખું ભાજપ તેમને ફુલડે વધાવશે તેવી આગાહી કરવામાં ખોટું નથી. ભાજપના જ એક સિનિયર નેતાના શબ્દો છે કે, "અમિતભાઈ ગુજરાતની ૨૬ બેઠકોનો હવાલો સંભાળી રહ્યાં છે ત્યારે તેમને ૨૦૧૯માં એવો દરજ્જો મળવાનો છે કે જ્યાં કોઈ નેતાને પહોંચવા વર્ષોવર્ષ મહેનત કરવી પડે છે." અમિત શાહે તેમની રાજકીય કારકિર્દીમાં રોપેલાં બીજ આજે યુવાન થઈ ગયા છે. ભાજપની ઓફિસમાં મોદીના વફાદાર એવા એક યુવા નેતાએ કહ્યું હતું કે-- અટલ બિહારી વાજપેયીની સરકારમાં પ્રમોદ મહાજન હનુમાન હતા તેમ અમિત શાહ એ નરેન્દ્ર મોદીની સરકારના હનુમાન છે, જે પ્રાઈમ મિનિસ્ટર ઈન વેઈટીંગ છે. ગુજરાતના રાજકારણમાં મુખ્યમંત્રી સાથે કોઈને કોઈ હનુમાન હોય છે. ચીમનભાઈ પટેલની સરકારમાં નરહરિ અમીને હનુમાન જેવી ભક્તિ કરી હતી. કેશુભાઈ પટેલની સરકારમાં કાન્તિ અમૃતિયા હતા. ખુદ કાન્તિભાઈએ કહ્યું હતું કે-- હું તો કેશુભાઈનો હનુમાન છું. શંકરસિંહ વાઘેલાની સરકારમાં એકદમ નિકટના સાથી તરીકે ગણના કરવી હોય તો વિપુલ ચૌધરીનું નામ લેવું પડે છે. સુરેશ મહેતાની સરકારમાં વજનદાર નહીં પણ નજીકના સાથી તરીકે પૂર્વ ધારાસભ્ય અરવિંદ પટેલ હતા. આનંદીબહેન પટેલની સરકારમાં શંકર ચૌધરી અને વિજય રૂપાણીની સરકારમાં પ્રદીપસિંહ જાડેજા હનુમાન છે.